સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની યાદીમાં સમાવિષ્ટ જાતિઓ પરત્વે સ્પષ્ટતા કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,
ક્રમાંક:સશપ/૧૪૨૦૧૨/૪૫૬૮૦૪/અ
સચિવાલય,ગાંધીનગર.
તા.૧૬/૭/૨૦૧૬

**વંચાણે લીધા:**

(૧) મજૂર, સમાજકલ્યાણ અને આદિવાસી વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક: બીસીઆર-૧૦૭૮-૧૩૭૩૪-હ, તા.૦૧/૦૪/૧૯૭૮

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો ઠરાવ ક્રમાંક: સશપ-૧૪૦૨-૧૪૪૪-અ, તા.૬/૬/૨૦૦૫

**પ્રસ્તાવના:**

સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો માટે રચવામાં આવેલ બક્ષી કમિશનની ભલામણોનો સરકારશ્રીએ વંચાણ (૧) પરના તા.૧/૪/૧૯૭૮ના ઠરાવથી સ્વીકાર કર્યો ત્યારે કુલ - ૮૨ જાતિઓ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ તરીકે વર્ગીકૃત કરવામાં આવેલ. ત્યારબાદ માંડલ કમિશનની ભલામણોના આધારે તથા અન્ય પછાત વર્ગોના પંચની ભલામણોના આધારે આ યાદીમાં વખતો વખત ઉમેરો થતાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોની સંકલીત યાદી વંચાણ (૨) પરના તા.૬/૬/૨૦૦૫ના ઠરાવથી પ્રસિધ્ધ કરવામાં આવેલ હતી. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની યાદીમાં સમાવિષ્ટ કેટલાક જાતિ/સમુહોની રજૂઆત મળેલ કે મૂળ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ પૈકીની જાતિના પરંતુ હયાત યાદીના શબ્દો કે શબ્દસમૂહમાં યોગ્ય લખાણના અભાવે તેઓને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના પ્રમાણપત્રો મેળવવામાં મુશ્કેલી પડે છે, તેથી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોની જાહેર કરેલ યાદીમાં વધુ સ્પષ્ટતા કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

પુખ્ત વિચારણાના અંતે, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની યાદીમાં નીચે જણાવેલા અનુક્રમ નંબર ઉપર સમાવિષ્ટ જાતિઓ સામે સ્પષ્ટતા સૂચક શબ્દો તથા ચિન્હો ઉમેરવા ઠરાવવામાં આવે છે.

| જાતિ ક્રમાંક | હાલની સ્થિતી | ઠરાવેલ સુધારો/ સ્પષ્ટતા |
|---|---|---|
| ૭ | બાવા, અતીત બાવા, ગોસ્વામી, વૈરાગી બાવા, ગોસાઇ, દશનામ ગોસ્વામી, રામાનંદી બાવા, રામાનંદી સાધુ, પુરી, ભારતી, કાપડીયા, નાથબાવા, ભરથરી, માર્ગી, ગંગાજલીઆ, દશનામી બાવા, ગિરી | બાવા, અતીત બાવા, ગોસ્વામી, વૈરાગી બાવા, ગોસાઇ, દશનામ ગોસ્વામી, રામાનંદી બાવા, રામાનંદી સાધુ, પુરી, ભારતી, **કાપડી**, કાપડીયા, નાથબાવા, ભરથરી, માર્ગી, ગંગાજલીઆ, દશનામી બાવા, ગિરી |
| ૧૪ | છારા, આડોડીયા સાંસી | છારા, આડોડીયા સાંસી, **આડોડીયા**, **સાંસી** |

ઉપરોક્ત સ્પષ્ટતાથી કોઇ નવી જાતિનો ઉમેરો થતો નથી પરંતુ હયાત જાતિઓના પર્યાયવાચી શબ્દોના ઉમેરા, ઘટાડા, સુધારાના કારણે ઉભી થયેલી મુશ્કેલીઓના કારણે ઉપર્યુક્ત જાતિ/સમુહોને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગનું પ્રમાણપત્ર મેળવવામાં પડતી હાલાકી (Hardship) નિવારવા તેમજ જાતિ પ્રમાણપત્ર આપતી વખતે ગેરસમજણ દૂર કરવાના હેતુથી પ્રસિધ્ધ કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(કે.જી.વણઝારા)
અધિક સચિવ
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન.રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી,રાજભવન,ગાંધીનગર.*
- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.

- માન.વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી(સા.ન્યા.અધિ.)ના અંગત સચિવ શ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક. મંત્રીશ્રી(વિકસતી જાતી)ના અંગત સચિવ શ્રી, સચિવાલય, ગાંધીનગર
- તમામ મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવ શ્રીઓ,સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવ શ્રી, મહેસૂલ વિભાગ સચિવાલય, ગાંધીનગર- જાણ તેમજ આ માટે અધિકૃત કરાયેલ તમામ અધિકારીઓને પરીપત્રિત કરવાની વિનંતી સહ.
- માહિતી નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, આ અંગેની જરૂરી અખબારી યાદી પ્રસિધ્ધ કરવાની વિનંતી સહ.
- સચિવશ્રી, અન્ય પછાત વર્ગો માટેનું પંચ, બંગલા નં.૧૩, ૧૩/એ 'ખ' ટાઇપ, સેકટર-૧૯, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.*
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.*
- સચિવશ્રી, ગુજરાત જાહેરસેવા આયોગ, લાલદરવાજા, અમદાવાદ.*
- સચિવશ્રી, ગુજરાત રાજ્ય પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.*
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.*
- નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ ખાતું, ગુજરાત રાજય, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- તમામ જિલ્લા કલેક્ટરશ્રીઓ (તાબાના સક્ષમ અધિકારીઓને પરિપત્રિત કરવાની વિનંતી સહ)
- તમામ જિલ્લા વિકાસ અધિકારીઓશ્રી
- તમામ નાયબ નિયામકશ્રીઓ(વિ.જા.)/ જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ(વિ.જા.) (વિ.જા.ક. મારફત)
- તમામ તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ
- કોમ્પ્યુટર શાખા, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. શાખાના ઠરાવો સાથે ઓનલાઇન પ્રસિધ્ધ કરવાના હેતુસર.
- National Informatics Centre, બ્લોક નં.૧૩/૨જો માળ, નવાસચિવાલય, ગાંધીનગર.*
- ના.સે.અ./શાખા સિલેક્ટ ફાઇલ

* પત્ર દ્વારા.